**સંગ્રામ ગુજરાતનો**

# અખંડિતતા માટે દેશનું બંધારણ સૌથી મોટી તાકાત : મોદી

## સુપ્રીમ કોર્ટમાં મોદીએ બંધારણ દિવસની ઉજવણીમાં ભાગ લીધો : બંધારણની પ્રસ્તાવનાની શરૂઆતમાં વી ધ પીપલ એ માત્ર શબ્દ નથી, એ લાગણી છે, વચન છે, બંધારણમાં તમામ સાંસ્કૃતિક-નૈતિક ભાવના સમાયેલી છે : વડાપ્રધાન



નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સુપ્રીમ કોર્ટમાં બંધારણ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે ઈ-કોર્ટ પ્રોજેક્ટ હેઠળ વિવિધ નવી પહેલો શરૂ કરી.

આ અંતર્ગત વર્ચ્યુઅલ જસ્ટિસ ક્લોક, જસ્ટિસ મોબાઈલ એપ ૨.૦, ડિજિટલ કોર્ટ અને એસ૩ડબલ્યુએએસ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી. સમારોહને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાનો દિવસ પણ છે. ૧૪ વર્ષ પહેલા જ્યારે ભારત પોતાના બંધારણના ઉત્સવની ઉજવણી કરી રહ્યું હતું. તે જ દિવસે માનવતાના દુશ્મનોએ ભારત પર સૌથી મોટો આતંકવાદી હુમલો કર્યો હતો. આ હુમલામાં જીવ ગુમાવનારાઓને હું શ્રદ્ધાંજલિ આપું છું. પીએમ મોદીએ કહ્યું કે, ભારતની આંતરરાષ્ટ્રીય છબીને મજબૂત કરવાની વચ્ચે, વિશ્વ અમારી તરફ આશાની નજરે જોઈ રહ્યું છે. આ દેશ જે વિખૂટા પડવાનો હતો. આજે આ દેશ સંપૂર્ણ ક્ષમતા સાથે આગળ વધી રહ્યો છે. આ બધા પાછળ આપણી સૌથી મોટી તાકાત આપણું બંધારણ છે. આપણા બંધારણની પ્રસ્તાવનાની શરૂઆતમાં 'વી ધ પીપલ' શબ્દ નથી, એ લાગણી છે, વચન છે. વડાપ્રધાને કહ્યું કે, ભારતના બંધારણમાં દેશની તમામ સાંસ્કૃતિક અને નૈતિક ભાવના સમાયેલી છે. મને સંતોષ છે કે, આજે લોકશાહીની માતા તરીકે દેશ તેના આદર્શો અને બંધારણની ભાવનાને મજબૂત કરી રહ્યો છે. દેશની માતાઓ અને બહેનોને સશક્ત કરવામાં આવી રહી છે. આજે સામાન્ય માણસ માટે કાયદાઓ સરળ બનાવવામાં આવી રહ્યા છે. અનાદિ કાળથી આપણી ન્યાય પ્રણાલી ન્યાય માટે ઘણા પગલાં લઈ રહી છે. હું આ પ્રયાસો માટે દરેકને અભિનંદન આપું છું. આપણા કર્તવ્યના માર્ગ પર ચાલીને આપણે દેશને વિકાસની નવી ઊંચાઈએ લઈ જઈએ છીએ. આજે ભારતની સામે નવી તકો ઊભી થઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું કે, એક અઠવાડિયા પછી ભારતને જી-૨૦નું અધ્યક્ષપદ મળવા જઈ રહ્યું છે. આ એક મોટી તક છે. આપણે સૌ વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારીએ. આ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. ભારતને લોકશાહીની માતા તરીકે ઓળખવામાં આવે છે, તેને વધુ મજબૂત બનાવવી પડશે. પીએમએ કહ્યું કે, યુવાનોએ દેશના બંધારણને સમજવું જોઈએ. જ્યારે આપણું બંધારણ બન્યું ત્યારે દેશ સમક્ષ કેવા સંજોગો હતા? બંધારણ સભાની ચર્ચાઓમાં તે સમયે શું થયું હતું? યુવાનોએ આ વિશે જાણવું જોઈએ. તેનાથી તેમની સમજણમાં વધુ વધારો થશે. તેમણે કહ્યું કે, અમારી બંધારણ સભામાં ૧૫ મહિલા સભ્યો છે. આ મહિલાઓના યોગદાનની ભાગ્યે જ ચર્ચા થાય છે. જ્યારે યુવાનોને આ ખબર પડશે ત્યારે તેઓને તેમના પ્રશ્નોના જવાબો જાતે જ મળી જશે.

---

### મતદાન માટે અમદાવાદ પોલીસ એક્શન મોડમાં

# મતદાન માટે ૧૦ હજાર જવાનોની ફોજ બંદોબસ્તમા ઉતારવા તૈયારી

### અમદાવાદમાં ૫ ડિસેમ્બરે મતદાન થવાનુ છે ત્યારે ડીસીપીએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી

અમદાવાદ, તા.૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની હવે માત્ર ચાર દિવસ બાકી રહી ગયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાના ૮૯ વિધાનસભા મત વિભાગમાં મતદાન થવાનું છે. તો ૫ ડિસેમ્બરે બાકીના જિલ્લાઓમાં મતદાન થશે. ત્યારે અમદાવાદમાં બીજા તબક્કામાં મતદાન થશે. વિધાનસભાની ચૂંટણીને લઈ અમદાવાદ પોલોસ એકશન મોડમાં આવી ગયુ છે. ત્યારે કેવી છે કામગીરી તે અંગે ડીસીપી કોમલ વ્યાસે પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી.

વિધાનસભાની ચૂંટણીમાં અમદાવાદની તમામ બેઠકો પર ૫ ડિસેમ્બરે મતદાન થશે. અમદાવાદમાં ૧૫ વિધાનસભા બેઠકો આવેલી છે, જેના પર ૫ તારીખે લોકો મતદાન કશે. ત્યારે આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને શહેર પોલીસ આવી એક્શન મોડમાં આવી ગઈ છે. કોમલ વ્યાસે કહ્યું કે, આગમી ૫ ડિસેમ્બરના રોજ બીજા તબક્કાના મતદાનમાં અમદાવાદ શહેરમાં મતદાન યોજાશે. અમદાવાદના ૧૮ જેટલા નકાબંધી પોઈન્ટ ગોઠવવામાં આવ્યા છે. જ્યાં ચુસ્ત બંદોબસ્ત રહેશે. સંવેદનશીલ વિસ્તારોમાં પણ સવારે અને સાંજે ફુટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

કેટલો બંદોબસ્ત રહેશે

મતદાનના દિવસે શહેર પોલીસના ૧૦,૦૦૦ હજાર જવાનો ચૂંટણી બંદોબતમાં તૈનાત રહેશે

હોમગાર્ડના ૬૦૦૦ થી ૭૦૦૦ જવાનો બંદોબસ્તમાં રહેશે

જીઈ ની ૧૫ કંપની ચૂંટણીમાં બંદોબસ્તમાં જોડાશે

ઝઇઁહ્ઠ ની ૧૧૨ જેટલી કંપની ચૂંટણી બંદોબસ્તમાં જોડાશે

ડીસીપીએ કહ્યું કે, ચૂંટણીમાં ડિજીટલ પ્રચાર ચરમસીમાએ છે, ત્યારે ટેકનોલોજીને લઈ સોશિયલ મીડિયા પર પોલીસની બાજ નજર છે. શહેરમાં એન્ટ્રી અને એક્ઝિટ પર સીસીટીવીનો ઉપયોગ કરીને બંદોબસ્ત કરાશે. તેમજ સંવેદનશીલ અને કેટલાક વિસ્તારોમાં બોડીલાઈન કેમેરાનો ઉપયોગ થશે. તેમજ જરૂર મુજબ ડ્રોનનો ઉપયોગ પણ પોલીસ દ્વારા કરવામાં આવશે.

---

### પ્રતાપ દુધાતની પોલીસને ચેતવણી

# હાથમાં ધોકો આવ્યો ત્યારે તમારી ખાખી પર દાગ લગાવીશ

અમરેલી, તા.૨૬

અમરેલીમાં પ્રચાર દરમ્યાન કોંગ્રેસ ઉમેદવાર પ્રતાપ દુધાત આક્રમણ બની પોલીસ અધિકારી સામે પ્રહારો કર્યા હતા. પોલીસ BJPની એજન્ટ બનીને કામ કરતી હોવાનો કોંગ્રેસ MLA પ્રતાપ દૂધાતે આરોપ લગાવ્યો. કોંગ્રેસ માટે ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રતાપ દુધાતે જાહેર સભામાં પોલીસ અધિકારીઓને ચેતવણી આપી હતી. તેઓએ ભાજપના એજન્ટ બનીને કામ કરનાર અધિકારીઓને ખોંખારો ખાતા કહ્યું કે, તમારાથી થતું હોય એટલું મારું નુકસાન કરી લેજો.

મારા હાથમાં ધોકો આવ્યો ત્યારે તમારી ખાખી પર દાગ લગાવીશ. એરુ ડંખ મારે તો બચી જવાશે, મારા ડંખથી આવનારી પેઢી પણ નહીં બચે. સાવરકુંડલામાં કોંગ્રેસના ઉમેદવાર પ્રતાપ દૂધાત સભા સંબોધી રહ્યા હતા ત્યારે તેમણે આ નિવેદન આપ્યુ હતું.

---

### એક્સાઇઝ પોલિસીમાં કથિત કૌભાંડની તપાસ

# CBIની ચાર્જશીટમાં મનીષ સિસોદિયાનું નામ નથી : કેજરીવાલ

### સીબીઆઈને તેમની સામે એક પૈસાની પણ ગેરરીતિ જોવા મળી ન હોવાનો દિલ્હીના મુખ્યપ્રધાન કેજરીવાલનો દાવો

નવી દિલ્હી, તા.૨૬

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ), દિલ્હી એક્સાઈઝ પોલિસીમાં કથિત કૌભાંડની તપાસ કરી રહી છે, શુક્રવારે ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં તેણે મનીષ સિસોદિયાને આરોપી તરીકે નામ આપ્યું નથી. આ અંગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે સીબીઆઈએ એક રીતે મનીષ સિસોદિયાને ક્લીનચીટ આપી દીધી છે. સીબીઆઈને તેમની સામે એક પૈસાની પણ ગેરરીતિ જોવા મળી નથી.

તેમણે કહ્યું કે સીબીઆઈએ દારૂ કૌભાંડમાં ચાર્જશીટ દાખલ કરી છે, જેનો અર્થ છે કે સીબીઆઈએ મનીષ સિસોદિયાને ક્લીનચીટ આપી છે. આ કેસમાં સીબીઆઈ અને ઈડીના ૮૦૦ અધિકારીઓ કામ કરી રહ્યા છે. દિવસ-રાત ૨૪ કલાક કામ કરે છે. મનીષ સામે કોઈ પુરાવા લાવો. મનીષ સામે એક અંશ પણ પુરાવા મળ્યા નથી. ચૂંટણીને આડે એક સપ્તાહ બાકી છે. જો પુરાવાનો એક અંશ પણ હોત, તો તે ઘણો કૂદી ગયો હોત. ૫૦૦થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. તેમના ઘરની દિવાલ તોડીને જોયું તો રોકડ રકમ ન હતી. ગાદલા ફાટેલા જોવા મળ્યા, મનીષનું બેંક લોકર જોયું, સગા-સંબંધીઓ અને ગામમાં તપાસ કરી, પણ કોઈ પુરાવા મળ્યા નહીં. સીએમ કેજરીવાલે વધુમાં કહ્યું કે તેઓ કહી રહ્યા છે કે તપાસ ચાલી રહી છે, વધારાની ચાર્જશીટ આવી શકે છે. વડાપ્રધાન જીવિત છે ત્યાં સુધી અમારી તપાસ કરશે. તપાસ આજીવન ચાલુ રહેશે.

---

# અભિનેતા વિક્રમ ગોખલેનું ૭૭ વર્ષની વયે નિધન થયું

### અભિનેતા નાદુરસ્ત તબિયતથી પરેશાન હતા અને પુણેની દિનાનાથ મંગેશકર હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા

મુંબઈ, તા.૨૬

બોલીવુડના દિગ્ગજ અભિનેતાઓમાં જેમની ગણતરી થતી હતી તેવા વિક્રમ ગોખલેનું ૭૭ વર્ષની વયે પુણે ખાતે નિધન થયું છે. તેમના નિધનના સમાચાર આવતા જ બોલીવુડ જગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.



મહત્વનું છે કે હાલમાં થોડા દિવસ અગાઉ મીડિયામાં તેમના નિધનના સમાચાર વહેતા થયા હતા પરંતુ તેમની પત્ની અને દીકરીએ ખોટા ગણાવ્યા હતા. ત્યાર બાદ તેમની તબિયતમાં નજીવો સુધારો આવ્યો હતો તેવા પણ અહેવાલ મળ્યા હતાં. પરંતુ આજે આખરે સત્તાવાર તેમના નિધનના સમાચાર સાંપડી રહ્યાં છે. છેલ્લા કેટલાક દિવસથી નાદુરસ્ત તબિયતથી પરેશાન હતા અને પુણેની દિનાનાથ મંગેશકર હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ડૉક્ટરોએ તેમને બચાવવામાં કોઈ કચાશ નહોતી છોડી પણ કમનસીબે આજે સાંજે તેમની તબિયત કથળી અને મોડી સાંજે લાઈફ સપોર્ટ કાઢી લેવાની વાત પણ વહેતી થઈ હતી. વિક્રમ ગોખલે પોતાના કરિયર દરમ્યાન હમ દિલ દે ચૂકે સનમ, ભૂલ ભૂલૈયા, દિલ સે, તુમ બિન, હિચકી, મિશન મંગલ જેવી અનેક હિટ ફિલ્મોમાં મહત્વના પાત્ર તરીકે જોવા મળ્યા હતા. વિક્રમ ગોખલેનો જન્મ ૩૦ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ પુણેમાં થયો હતો. તેમના પરદાદી હિન્દી સિનેમાના પ્રથમ ભારતીય કલાકાર હતા જ્યારે તેમના દાદી હિન્દી સિનેમાના પ્રથમ બાળ કલાકાર હતા. વર્ષ ૧૯૧૩માં તેમની દાદી-પરદાદીએ ફિલ્મ મોહિની ભસ્માસુરમાં અભિનય કર્યો હતો. આ ફિલ્મનું દિગ્દર્શન ભારતીય સિનેમાના પિતામહ દાદાસાહેબ ફાળકેએ કર્યું હતું. તેમના પિતા ચંદ્રકાંત ગોખલે મરાઠી પીઢ અભિનેતા અને સ્ટેજ કલાકાર હતા. વિક્રમ ગોખલેએ લગભગ ૭૦ હિન્દી-મરાઠી ફિલ્મોમાં કામ કર્યુ હતું.

---

### રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા, ભૂપેન્દ્ર પટેલ, સીઆર પાટીલે જાહેર કર્યું સંકલ્પ પત્ર

# ભાજપ દ્વારા સંકલ્પ પત્ર જાહેર

ગાંધીનગર, તા.૨૬

પ્રથમ તબક્કાના મતદાનને હવે માત્ર ચાર જ દિવસ બાકી. સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો પર ૧ ડિસેમ્બરે મતદાન થશે. ત્યારે આજે વર્ષ ૨૦૨૨ ની વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ સંકલ્પ પત્ર જાહેર કર્યુ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખે પ્રેસ કોન્ફરન્સ કરીને સંકલ્પ પત્ર જાહેર કર્યુ છે. સીઆર પાટીલે કહ્યું કે, આજે બંધારણ દિવસ છે.

જે લોકતંત્રનો આત્મા છે. ડો આંબેડકરને નમન કરું છું. ગુજરાતનું સંકલ્પ પત્ર લોકોની આશા અને અપેક્ષાના આધારે બન્યું છે. પ્રજાની આશા પૂરી કરતી પાર્ટી ભાજપ છેભાજપે અત્યાર સુધી આપેલા સંકલ્પ પત્રના વચનો પૂરા કર્યા છે. તો કેટલાક પાઈપ લાઈનમાં છે. સંકલ્પ પૂરા કરવા તે ભાજપની ખાસિયત રહી છે. સંકલ્પ પત્ર બનાવતા પહેલા ખાસ અભિયાન ચલાવાયુ હતું. લોકોના સૂચનો મંગાવાયા હતા. અલગ અલગ કાર્યક્રમો દ્વારા લોકો પાસેથી સૂચનો મંગાવાયા. ભાજપના જુદા જુદા સેલે પોતાના સંગઠનમાં મીટિંગ ગોઠવી સૂચનો મેળવ્યા. આ સંકલ્પ પત્ર અમૂલ્ય સૂચનોનો દસ્તાવેજ છે.

ભાજપનો સંકલ્પપત્રમાં શું છે

૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે ગુજરાત કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોષનું નિર્માણ

૨૫,૦૦૦ કરોડના ખર્ચે ગુજરાતના સમગ્ર સિંચાઈ નેટવર્કનું વિસ્તરણ કરીશું

દેશના પહેલા પરિક્રમા પથનું નિર્માણ. સમગ્ર ગુજરાતને આવરી લેતો ૪-૬ લેનનો પથ સાઉથ ઈસ્ટર્ન હાઈ-વે (૧,૬૩૦ કિ.મી.)

સિવિલ એવિએશનમાં ર્દ.૧ બનશે ગુજરાત. સૌથી વધુ સંખ્યામાં ડોમેસ્ટિક-ઈન્ટરનેશનલ એરપોર્ટનું સંચાલન કરીશું

ગુજરાતને ૧ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી વાળું રાજ્ય બનાવીશું

આગામી ૫ વર્ષમાં ૫ લાખ કરોડનું વિદેશી રોકાણ લાવીશું

ધોલેરામાં દેશનો પ્રથમ એવિએશન પાર્ક વડોદરામાં એરક્રાફ્ટ પ્રોડક્શન યુનિટ બનાવીશું

ગાંધીનગર અને સુરતમાં મેટ્રો પ્રોજેક્ટને વેગ આપીશું. રાજકોટ અને વડોદરામાં મેટ્રો પ્રોજેક્ટ શરૂ કરીશું

૧૦,૦૦૦ કરોડના ભંડોળથી 'મહારાજા શ્રી ભગવતસિંહજી સ્વાસ્થ્ય કોષ'નું નિર્માણ કરીશું

મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ હેઠળ ૧૦,૦૦૦ કરોડના ખર્ચે આગામી ૫ વર્ષમાં ૨૦,૦૦૦ શાળાઓને અપગ્રેડ કરીશું

આગામી ૫ વર્ષમાં ૨૦ લાખ યુવાનોને રોજગારીની તકો પૂરી પાડીશું

IITના તર્જ પર ૪ ગુજરાત ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટેક્નોલોજીની સ્થાપના કરીશું

વર્લ્ડ કલાસ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરીશું

ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ કમિટી ભલામણનો સંપૂર્ણપણે અમલ કરીશું

'ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન' હેઠળ ૨૫,૦૦૦ કરોડ ખર્ચીશું

પશ્ચિમ ભારતનું સૌથી મોટું આધ્યાત્મિક કેન્દ્ર બને તે માટે દેવભૂમિ દ્વારકા કોરિડોર બનાવીશું

મંદિરોના જીર્ણોદ્ધાર અને વિસ્તરણ માટે ૧,૦૦૦ કરોડ ફાળવીશું

વૈશ્વિક સ્તરે ગુજરાતના સાંસ્કૃતિક વારસાનું મહત્વ વધારવા માટે ૨,૫૦૦ કરોડનું રોકાણ કરીશું

અંબાજીથી ઉમરગામ સુધી 'બિરસા મુંડા આદિજાતિ સમૃદ્ધિ કોરિડોર' બનાવીશું

આદિવાસી વિસ્તારોમાં ૮ મેડિકલ અને ૧૦ નર્સિંગ કોલેજોની સ્થાપના કરીશું

૨૫ 'બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલો' બનાવીશું

વ્હાલી દીકરી યોજના અંતર્ગત નાણાકીય સહાય વધારીને ૧.૫૦ લાખ કરીશું

અગ્નિવીર તરીકે ભરતી થનારી મહિલાને ૫૦,૦૦૦ની વન ટાઈમ ગ્રાન્ટ આપીશું



કચ્છ, બનાસકાંઠા, અમદાવાદ અને સાબરકાંઠાના સ્પેશિયલ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઝોનમાં સહાયક પ્રાથમિક માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરીશું

૧૦૦% પ્રસૂતિ દવાખાનામાં થાય તે સુનિશ્ચિત કરીશું

સગર્ભા સ્ત્રીઓ માટેની ખાસ ૨૦૦ એમ્બ્યુલન્સનો વધારો કરીશું

રાજ્યના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપીશું

૫૦ નવી સમરસ હોસ્ટેલ બાંધીશું

૧ મે ગુજરાત સ્થાપના દિવસના ઉત્સવને ૩ દિવસ લાંબા 'ગુજરાત ગૌરવ મહોત્સવ' તરીકે ઊજવવાનું શરુ કરીશું.

૧૦,૦૦૦ સરકારી શાળાઓમાં સ્પોર્ટ્સની સુવિધાઓ વિકસાવવા માટે ૫૦૦ કરોડના 'જામ શ્રી રણજીતસિંહજી ખેલ કોષ'નું નિર્માણ કરીશું

સમગ્ર ગુજરાતમાં ૧૦૦ 'અન્નપૂર્ણા કેન્ટીન' શરુ કરીશું, જ્યાં દિવસમાં ૩ વાર માત્ર ૫ માં ભોજન મળશે

નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના' હેઠળ વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી નાણાકીય સહાયને ડબલ કરીશું

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ૪ 'ઉમાશંકર જોશી સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ'ની સ્થાપના કરીશું

'મેડિકલ ટૂરિઝમ પોલિસી' લોન્ચ કરીશું

જેનાથી મેડિકલ વેલ્યૂ ટ્રાવેલને પ્રોત્સાહન આપીશું

ટૂરિઝમ, ટ્રાન્સપોર્ટ, ટ્રાવેલ અને હેરિટેજ અભ્યાસ માટે 'ગરવી ગુજરાત ટૂરિઝમ યુનિવર્સિટી' બનાવીશું

૧૦૦ કરોડના બજેટ સાથે ગુજરાત ટૂરિઝમ માટે 'ગ્લોબલ માર્કેટિંગ કેમ્પેન' લોન્ચ કરીશું

૧૦૦ની ક્ષમતાવાળું એક એવા ૫૦ રેનબસેરા બનાવીશું જેથી શહેરી બેઘર લોકોને આશ્રય મળી શકે આદિવાસી વિસ્તારોમાં નવા ૫૦ મોબાઈલ મેડિકલ હેલ્થ યુનિટ્સ જોડીશું, જે સતત ઉત્તમ સારવાર પૂરી પાડશે ઉલ્લેખનીય છે કે, ભાજપે ૫ નવેમ્બર થી ૧૫ નવેમ્બર સુધી સંકલ્પ પત્ર માટે ગુજરાતમાં અભિયાન ચલાવ્યું હતું. ગ્રામ પંચાયતથી મનપા સુધી સૂચન પેટી મૂકાઈ હતી. એટલુ જ નહિ, સોશિયલ મીડિયા મારફતે પણ લોકોના સૂચન લેવાયા હતા.

---

# ઘાટલોડિયામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ભવ્ય રોડ શો

### અમદાવાદમાં ભવ્ય રોડ શોમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો જોડાયા : ભારત માતા કી જયના નારા લાગ્યા

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ભવ્ય ઘાટલોડિયામાં રોડ શો નીકળ્યો હતો. મેમનગરના સુભાષ ચોકથી બોડકદેવ સુધી ભવ્ય રોડ શોમાં મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં સવાર થઈને લોકોનું અભિવાદન ઝીલ્યુ હતું. ઘાટલોડિયા વિધાનસભામાં અંદાજિત ૧૨ કિમી કરતાં લાંબો રોડ શોમા તેમને ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો. રોડ શોમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો જોડાયા હતા.



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રોડ શો યોજાય હતો. અમદાવાદના ઘાટલોડિયામાં સીએમનો ભવ્ય રોડ શો મેમનગરના સુભાષ ચોકથી બોળકદેવ સુધી યોજાયો હતો. ભાજપ દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રીનો પોતાના મત વિસ્તારમાંનો આ રોડ શો ખાસ બની રહ્યો હતો. ખુલ્લી જીપમાં સવાર થઇ તેમણે લોકોનું અભિવાદન ઝીલ્યુ હતું. મેમનગરના સુભાષ ચોકથી શરૂ કરી ઘાટલોડિયા વિધાનસભાના વિવિધ વિસ્તારમાં તેઓ ફરવા નીકળ્યા હતા. રોડ શો સુભાષ ચોક, નિકિતા પાર્ક, સત્તાધાર ક્રોસ રોડ, ગુલાબ ટાવર, ઈન્દ્રપ્રસ્થ ટાવર, વસ્ત્રાપુર થઈ બોડકદેવ પહોંચશે. અમદાવાદની એક એવી બેઠક જે ભાજપ માટે સલામત સીટ ગણાય છે, એટલે ઘાટલોડિયા બેઠક. આ સીટે ભાજપને બે મુખ્યમંત્રી પણ આપ્યા છે. ૨૦૧૨ આનંદીબેન પટેલ આ બેઠક પરથી જીત્યા હતા. ૨૦૧૪ માં જ્યારે નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા ત્યારે ઘાટલોડિયા બેઠકના ધારાસભ્ય આનંદીબેન પટેલને મુખ્યમંત્રીનો તાજ મળ્યો હતો. તો ૨૦૧૭ માં આ બેઠક પરથી આનંદીબેનના ખાસ ગણાતા ભુપેન્દ્ર પટેલ જીત્યા હતા, અને ૨૦૨૧ માં તેમના શિરે મુખ્યમંત્રીનો તાજ આવ્યો હતો. ભાજપમાંથી આ બેઠક પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ચૂંટણી લડશે, તો કોગ્રેસમાંથી દિગ્ગજ નેતા અમીબેન યાજ્ઞિક ચૂંટણી લડશે. તો આપમાંથી વિજય પટેલ ઉમેદવાર છે.